ચાળુ બ્રિટન (રાજ્ય ભક્તિ.)

ગ્રાહકોને વિનંતી સાથે ચેતવણી.

અમારે ત્યાં દરેક જાતના દાગીના ચોખ્ખ
અને ઘુઘરીઓ બાંધવાનો વાળો પણ ખાસ ચાંદીના પાકા ગરંટાથા



૮૦ વર્ષથી રાજનગરમાં સંપુર્ણ માન પામેલી ચાંદીના દાગીના વેચવાની
જુની ભરોસાદાર પેઢી. ઠે. માંડવીની પોળમાં લાલાભાઇની પોળ.

પંચાળ ભુલાભાઇ હીરાચંદ. —અમદાવાદ.

માયાળુ બ્રિટન.

(રાજ્ય ભક્તિ.)

પ્રયોજક.

ગીરધરલાલ જગજીવનદાસ.

કાળુપુર, મામુનાયકની પોળમાં, ઘર નમ્બર, ૨૪૧૨ અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત, ૫૦૦

ધી વિક્ટોરીઆ પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સમ્વત્ ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૩

મૂલ્ય ૦-૪-૦

પ્રસ્તાવના

“ માયાળુ બ્રિટન ”—બ્રિટીશ રાજ્યથી આપણે અને આપણાં વંશજો સદાને માટે સુખદ જીવન ગાળવાં ભાગ્યશાળી થયા છીએ. માયાળુ, શાણા, સુવિચારશીલ, દીર્ઘદ્રષ્ટિવાળા, હિમ્મતવાન, ધૈર્યવાન, ઉદ્યોગી, આગ્રહી, ખંતીલા અને વિનયશાળી અંગ્રેજોએ આપણાં પૂર્વજોને દુઃખની વિકરાળ જાળમાંથી બચાવવા, અસહ્ય શ્રમ સહ્યો છે. ભલી ભૂમીના ભલા સુકુમારોએ આપણાં સુખને માટે પોતાની પ્રાણ [illegible] કર્યો છે.-કરે છે. અને કરશે. બ્રિટીશ રાજ્યની અનહદ ઉદારતાથી આપણે સદાને માટે સુખી, નિર્ભય, અને સુભાગી બન્યાં છીએ.

માયાળુ અંગ્રેજો અને અનહદ દયાળુ બ્રિટીશ રાજ્ય, તેના પ્રત્યેની મ્હારી સુભક્તિની ભાવના, (માયાળુ બ્રિટન. દયાળુ પોતાની દયા.) વાંચી-વંચાવી-ફેલાવો કરી, અસંખ્ય મનુષ્યો ભલા અંગ્રેજોના આભારની યાદ લાવશે. અને બ્રિટીશ શહેનશાહત તથા નામદાર શહેનશાહ પંચમા જ્યોર્જની અખંડ, ઉજવળ અને સર્વદા સર્વથી અધિક ચડતીપ્રભા તથા દીર્ઘાયુષ માટે પરમકૃપાળુ પ્રભુ પાસે અહોનિશ પાર્થના કરશે, તો મારો અજ્ઞાનનો અલ્પ શ્રમ ફળીભુત થયો માની, હું મારા અંતરાત્માને આનન્દિત કરીશ.

તા. ૪-૧૨-૧૯૧૩ — સેવક.

અમદાવાદ. — ગીરધર.



નામદાર શહેનશાહ પંચમ
જ્યૉર્જ ઘણું જીવો.

Mukund Art P.

અર્પણ પત્રિકા.

મહેરબાન માનવંતા "શ્રી મોઢદશા માંડલીઆ જ્ઞાતિ ઉદયચંદ્ર" ધર્મધ્વજના શીરોમણી દયાસિન્ધુ શેઠશ્રી હરજીવનદાસ મોહોનજી કાપડીઆ.

(ચોરવાડ નિવાસી) મુંબઇ.

જ્ઞાતિ હિતમાં તન, મન અને ધન અર્પી, જશ નામી જીવન ગાળનારા મ્હારા પ્રેમાળ પૂજ્યશ્રી આપની સાદાઇ, ભલાઇ, દીર્ઘદક્ષતા સુવિચારો, વિવેક ઇત્યાદિક અનેક સુસંસ્કારોથી મોહિત્ થઇ, ગુણના ઉપર ગુણ કરનારા અમરપદ પ્રાપ્ત કરવાને એકપણ શક્તિવૃત્ નીવડયા નથી. પણ અવગુણના ઉપર ગુણ કરનારા સુ-કીર્ત્તિવરોના શુભ અમરપદમાં આ જ્ઞાતિ ઉદયચંદ્રનું ખીલેલું ગુલાબ નહીં કરમાયેલું કરી, મ્હારા અંતરાત્માને આનન્દિત્ કરીશ.

તા. ૪-૧૨-૧૯૧૩ હ્રુદયનું બાળ.

અમદાવાદ. ગીરધર.

આભાર પત્રિકા.

"માયાળુ બ્રિટન" નામનું પુસ્તક બહાર પાડવાના; મ્હારા શ્રમને આરંભથી પૂર્ણતા સૂધી, અતિશય ઉદાર અને દયાળુવૃત્તિથી તન, મન અને ધનથી અથાગ આશ્રય આપનાર મ્હારા પ્રેમાળ પૂજ્ય પ્રભુ, મહેરબાન માનવંતા દયાસિન્ધુ શેઠશ્રી લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી. "શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફન્ડ" નાં ઑનરરી વ્યવસ્થાપક, તથા મહેરબાન માનવંતા નરરત્ન દયાસિન્ધુ શેઠશ્રી છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી. "શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફન્ડ" નાં આસિસ્ટંટ મેનેજરનો હું ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું.

તા. ૪-૧૨-૧૯૧૩ — હૃદયનું બાળ.

અમદાવાદ. — ગીરધર.

માચાળુ બ્રિટન.

—(૦)—

પ્રકરણ. ૧ લું

—(૦)—

બ્રિટીશ રાજ્યની શરૂઆત.

—(૦)—

આપણાં દેશ (હિન્દુસ્તાન) માં અકબર બાદશાહના વખતમાં ટૉમ્સ સ્ટીવન્સ નામે અંગ્રેજ ઇ. સ. ૧૫૭૯ માં પહેલ વહેલો આવ્યો હતો. ત્યાર પછી ઇ. સ. ૧૫૮૩ માં ન્યુબરી, ફીચ અને લિડસ નામે ત્રણ અંગ્રેજો આવ્યા. ઇ. સ. ૧૬૦૦ માં લંડનના આશરે સો વેપારીઓએ હિન્દ સાથે વહેપાર કરવાનો ઠરાવ કર્યો. અને રાણી ઇલિઝાબેથ પાસેથી હિન્દમાં વહાણો મોકલવાની રજા મેળવી. તેઓએ "ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કમ્પની" નામે એક મંડળી સ્થાપી. તે વખતે હિન્દુસ્તાનમાં અકબર બાદશાહ રાજ્ય કરતો હતો. ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ઇ. સ. ૧૬૧૨ માં હિન્દુસ્તાનને પશ્ચિમ કીનારે સુરતમાં માલ રાખવાને એક કોઠી (વખાર) નાંખી. ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ એટલો બધો નફો મેળવ્યો કે તેમનું અનુકરણ કરવા બીજા અંગ્રેજ વહેપારીઓએ મંડળીઓ સ્થાપી. અને તેઓ હિન્દુસ્તાનમાં વહેપાર કરવા લાગ્યા. અને આખરે બધી મંડળીઓ ઇ. સ. ૧૭૦૦ માં જોડાઇ ગઇ. અને તેનું નામ "યુનાઇટેડ ઇસ્ટ ઇન્ડિયા કમ્પની" પા-

ડયું. આ કમ્પનીએ ઇગ્લાંડના રાજા પાસેથી હિન્દ સાથે વહેપાર કરવાનો કુલ હક (ઇજારો) મેળવ્યો.

ત્યાર પછી કેટલાંક વર્ષો વીત્યાબાદ હિન્દમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાખનાર, અંગ્રેજી સત્તાનો ઉદય કરનાર વીર-પુરૂષ (રાબર્ટ કલાઇવ) મદ્રાસમાં ઉત્પન્ન થયો. કલાઇવ ચતુર, ધૈર્યવાન, બુદ્ધિશાળી અને શુરો હતો. યુદ્ધ કૌશલ્યની સમ્પૂર્ણ નીપુણતાને પામેલા મહાન વીરેન્દ્ર રૉબર્ટ કલાઇવે અનેક રણસંગ્રામમાં ઝંપલાવી અતિશય આફતો અને મૂશ્કેલીઓને પાર પહોંચાડી, દયાળુ બ્રિટીશ રાજ્યનો, હિન્દની પ્રજાનો સમ્પુર્ણ સુખદાઇ, સર્વોત્તમ, સુભાગી સ્તંભ સજ્જડ કર્યો.

" હિન્દની પ્રજાનાં ખાસ હિતને માટેજ જન્મેલા જશનામી જીવનપ્રાણ " રૉબર્ટ કલાઇવ " જુગ જુગ ઝળહળિત રહો.

રૉબર્ટ કલાઇવ પછી ઇ. સ. ૧૭૭૪ માં વૉરન હેસ્ટિંગ્સ ૧ લો ગવર્નર જનરલ થયો. હેસ્ટિંગ્સને બંગાળાનો ગર્વનર નીમ્યા પછી, બે વર્ષે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ " રેગ્યુલેટિંગ ઍકટ " નામનો કાયદો પ્રસાર કર્યો. જે ધારાની રૂએ બંગાળાના ગર્વનરને આખા બ્રિટીશ હિન્દનો ગવર્નર જનરલ કહેવો. અને તેની નીમણુક કમ્પનીના હાથમાં નહીં રાખતાં, ઇગ્લાંડના પ્રધાનના હાથમાં રાખી, કલકત્તામાં એક સદર અદાલત સ્થાપવી. અદાલતના ન્યાયાધિશોની નીમણુક લંડનના સરકારે પોતાના હાથમાં રાખી, ગર્વનર જનરલને મદદ કરવાને ચાર સભાસદોની એક કાઉન્સિલ

નીમી. અને તે સભાસદોની નીમણુક પણ ઇંગ્લાંડની સરકારે પોતાના કાબુમાં રાખી.

વૉરન હેસ્ટિંગ્સ પછી લોર્ડ કાર્નવાલીસ ઇ. સ. ૧૭૮૬ માં ગર્વનર જનરલ થઇને આવ્યો. તેણે " ટાઇગ્રેસ આફ માહીસોર " (ટીપુ સુલતાન) ને ઇ. સ. ૧૭૯૨ માં હરાવી સલાહ કરવાની ફરજ પાડી.

લોર્ડ કાર્નવાલીસ પછી સર જોનશોર ગર્વનર જનરલ થઇને હિન્દમાં આવ્યા અને તેમના પછી માર્કવીસ વેલેસ્લી ગર્વનર જનરલ નીમાયા. માનવંતા માર્કવીસ વેલેસ્લી સાહેબે હિન્દની પ્રજાનાં હિતની ખાતર પોતાની દ્રઢતા અને બહાદુરીથી શુરા ટીપુને હરાવી, તેના રાજ્યની વ્યવસ્થા કરી.

માર્કવીસ વેલેસ્લી પછી લોર્ડ કાર્નવાલીસ બીજીવાર નીમાયા. પણ ઇ. સ. ૧૮૦૫ માં રસ્તામાં આવતા તે મરણ પામ્યા.

ત્યાર પછી સર જ્યોર્જ બાર્લો નીમાયા. તેમના પછી લોર્ડ મીન્ટો ઇ. સ. ૧૮૦૭ માં ગર્વનર જનરલ થઇને હિન્દમાં આવ્યા. પરદેશી રાજ્યો હિન્દુસ્તાન ઉપર ચઢાઇ કરશે, તો હિન્દની પ્રજા દુઃખમાં હોમાશે એવી અનેક આપણી લાગણી ઉરમાં ધરી, શાણા સુવિચારશીલ નામદાર લોર્ડ મીન્ટો સાહેબે ઇરાનના શાહને ત્યાં માલ્કમ સાહેબને એલચી તરીકે, અને પંજાબના રાજા રણજીતસિંહ પાસે મેટકાફ સાહેબને તથા કાબુલના અમીરના રાજ્યમાં એલફિન્સ્ટન સાહેબને મોકલી બંદોબસ્ત કર્યો. એટલુંજ નહિ, પણ સિંધના અમીરો સાથે તે માટે ગોઠવણ કરી. ઇ. સ. ૧૮૧૩

માં કમ્પનીના પટાની મૂદત પૂરી થવાથી, કમ્પનીને નવી સનંદ મળી. ચતુર, દીર્ઘદ્રષ્ટિવાળા મહાન પુરૂષ (લોર્ડ મીન્ટો સાહેબ) ને આપણાં ભલા માટે અનેક મહાન કાર્યો કરવાનાં બાકી હતાં. અને તેમને માટે તેઓ સાહેબે બંદોબસ્ત કરવાનો વિચાર કર્યો હતો. દરમ્યાન માયાળુ, મીન્ટો સાહેબ વીલાયત પધારવાથી તે બંધ રહ્યાં.

લોર્ડ મીન્ટો પછી લોર્ડ હેસ્ટિંગ્સ ગર્વનર જનરલ થયા. જુલમી, કાળની વિકાળ ઝાળ જેવા, નિર્દય, હત્યારા, ઠગારા, પિંઢારા જેમાં કોળી, ભીલ, ગોસાંઇ, બહારવટીઆ વિગેરે હલકી જાતો દાખલ થઇ, અમૂક સરદારના હાથ નીચે રહી, લૂટફાટ અને મારફાડ કરતા, અને તેઓ મધ્ય હિન્દુસ્તાનમાં રહેતા. તેઓ દ-શરા પછી ટોળીઓ બાંધી, ગામડાં લૂટવાને નીકળતા. લોકોને મોઢે રાખનાં ભરેલા મરચાંના તોબરા બાંધીને તથા માણસને શરીર તેલમાં બોળેલાં ચીંથરા વીંટીને સળગાવી, ખુન મનાવતા. ગામડાં બા-ળતાં અને લોકોને અનેક ત્રાસથી પીડતાં. એ લોકોના મૂખ્ય સર; દારો અમીરખાન, કરીમખાન, ચીતુ અને વસીલમહમદ મૂખ્ય હતા.

માયાળુ ગર્વનર જનરલ લોર્ડ હેસ્ટિંગ્સે પિંઢારાનાં મૂળ કાઢી નાંખી, આપણને મહાને માટે નિર્ભય, સુખી અને સુભાગી કર્યા દયાળુ પીતાઓ પીતાઓએ દયાની ઉછળતી ઉર્મીથી આપણને સર્વદા ત્યારા ગણી, પાલન કર્યું, પાલન કરે છે અને પાલન કરશે. ફિરતાં પિંઢારામાં એક દ્રષ્ટાંત જેવા, અનેક સુપૂન્યો કરી, આપણને ખાવડાં બચાવ્યાં ઉગાર્યાં જીવાડ્યાં: દુઃખ સાગરની

ડુબતાં નાવમાંથી પોતે અથાગ કષ્ટ સહી, આપણને સુખરૂપ શાન્તિ લાભ ફુલની સુન્દર શૈયા ઉપર પોઢાડયાં.

દયાળુ લૉર્ડ હેસ્ટિંગ્સ પછી લૉર્ડ આમહર્સ્ટ ગવર્નર જનરલ નીમાયા. તેણે બ્રહ્મી લોક સાથે લઢાઇ કરી, જીત મેળવી, અને ભરતપુરનો કિલ્લો કબજે કર્યો.

ઇ. સ. ૧૮૨૮ માં દયાળુ ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિક આવ્યા. તેઓ નામદારે ન્યાય ખાતામાં સુધારો કરો. જડજથી ઉતરતા દરજાની સદર અમીન, મુનસફ, વિગેરેની કોર્ટો કાઢી. તે જગા દેશીઓને આપવાનું ઠરાવ્યું. તેમજ કોર્ટોમાં ફારસી ભાષામાં કામ ચાલતું, તે અટકાવી, સ્થાનિક દેશી બોલીમાં કામ ચલાવવા હુકમ કર્યો. દેશીઓને કેળવણી આપવા માટે અંગ્રેજી સ્કુલો તથા વૈદ્યક શીખવવાની પાઠશાળાઓ સ્થપાઇ. તેમજ મન્યપરે સતિ થવાનો, નરમેધ કરવાનો, અને દીકરીઓને દૂધ-પીતી કરવાનો રીવાજ બંધ કર્યો. લુચ્ચા, હત્યારા, ઠગારા ઠગ લોકો જાત્રાળુઓને અને મુસાફરોને ઠગીને મારી નાંખતા, અને તેનું સર્વસ્વ લઇ લેતા, તેમને શોધી કાઢી, ફાંસે લગાડ્યા. હિન્દુસ્તાનમાંથી વિલાયત જવા માટે મિસરને માર્ગે નવા રસ્તાની શોધ થવાથી આગબોટો શરૂ થઇ. જેથી આશરે પાંચ માસને બદલે આશરે એક માસમાં વિલાયત પહોંચાય, તેવી સરલતા થઇ.

ઇ. સ. ૧૮૩૫ માં દયાળુ લૉર્ડ વિલિયમ બેન્ટિક વિદાય થયા પછી સર ચાર્લ્સ મેટકાફ, લૉર્ડ આકલાંડ, લૉર્ડ એલનબરો, લૉર્ડ હાર્ડિંજ, લૉર્ડ ડલહૌસી, લૉર્ડ કાનિંગ ગવર્નર જનરલો થયા.

લોર્ડ કાનિંગના સમયમાં દયાળુ રાજ્યમાતા મહારાણી વિક-ટોરીઆએ તા. ૧ નવેમ્બર ઇ. સ. ૧૮૫૮ ને દિવસે હિન્દની પ્રજાને પોતાનાં ઉદાર અને દયાળુ દિલથી માફી આપી, હિન્દનું રાજ્ય કમ્પની પાસેથી પોતાને હસ્તક લીધાનું જાહેર કીધું. દયાળુ રાજ્યમાતા મહારાણી વિકટોરીઆએ કમ્પની પાસેથી હિન્દનું રાજ્ય પોતાના હસ્તકમાં લઇ, ગર્વનર જનરલને પોતાના પ્રતિનીધી કે "વાયસરોય" ઠરાવ્યા. તથા તેના ઉપર દેખરેખ રાખવાને બ્રિ-ટીશ રાજ્યના પ્રધાન મંડળમાં એક સેક્રેટરી નીમી, તેને સલાહ આપવાને પંદર કોન્સિલરો નીમ્યા. એ પંદરમાના આઠ હિન્દુ-સ્તાનમાં નોકરી કરી આવેલા અનુભવી જોઇએ. એવો ઠરાવ કર્યો. ઇ. સ. ૧૮૫૮ માં રેલવે તથા નહેરો વધારી, નવો ફોજદારી કાયદો ચલાવ્યો. અને કાગળની નોટો ચલાવી તથા જેને દેશ-નિકાલની સજા થાય, તેને આન્દામાન ટાપુમાં મોકલવા માંડયા.

ઇ. સ. ૧૮૬૨ માં લોર્ડ એલ્જીન વાયસરોય થયા. તેમના પછી લોર્ડ લોરેન્સ, લોર્ડ મેયો, લોર્ડ નોર્થબ્રુક, લોર્ડ લીટન, લોર્ડ રીપન, લોર્ડ ડફ્રિન, લોર્ડ એલ્જીન, લોર્ડ કર્ઝન, અને લોર્ડ મીન્ટો વાયસરોય થયા.

નામદાર લોર્ડ મિન્ટો વાયસરોયના પછી હિન્દના (આપણાં) ઉપર ચાલતા સમયમાં એટલે ઇ. સ. ૧૯૧૩ ના વર્ષમાં (આજે) અને તે પછીના વર્ષો (સમય) માં માયાળુ, દયાળુ, શાણા અને ભલા માનવંતા નામદાર લોર્ડ હાર્ડિંજ વાયસરોય (દયાળુ પીતા.) હિન્દના વાયસરોય પદ ઉપર બીરાજે છે અને બીરાજશે. આ-

પણાં દયાળુ પીતા (નામદાર લોર્ડ હાર્ડિંજ) હિન્દનું (અ.પણુ) હીત કરવા અહોનિષ અથાગ શ્રમ લીએ છે. શાણા પીતા આપણુને સર્વદા સમ્પુર્ણ સુખી અને સુભાગી જોવા હોંશીલા છે. દયાળુ અને ઉદાર પીતા આપણાં હસ્તા અને આનન્દિત મૂખડાં જોવાને સર્વદા રાખવાને સદા સુકીર્ત્તિવંત છે.

"નામદાર લોર્ડ હાર્ડિંજ વાયસરોય (દયાળુ પીતા) અખંડ ઉજવળ, સર્વદા સમ્પુર્ણ સુખી અને દીર્ઘાયુષી થાઓ."

પ્રકરણ ૨ જું.

આપણી આધુનિક સ્થીતિ.

આપણાં પૂર્વજો–દાદાઓ (આપણે) આગળનાં જમાનામાં સમયમાં અતિશય દુર્દશા અને દુઃખ ભોગવતાં હતાં. માયાળુ–દયાળુ હેતાળુ-પ્રેમાળુ અને ભલા બ્રિટીશ રાજ્યની આપણાં દેશ (હિન્દ) માં શરૂઆત નહોતી થઇ, ત્યાંસુધી આપણી દુર્દશાની સીમા નહોતી. રજપુત રાજ્યોના કુસંપ, મુસલમાન બાદશાહોની હિન્દ ઉપર સ્વારીઓ, કેટલાક ઝનુની, તામસી રાજ્ય લોભી, ધનલોભી અને ધર્માંધ પુરૂષોએ હિન્દની કરેલી ખુન ખરાબી. પિંઢારા અને ઠગ લોકોનો ત્રાસ, આપણુને છેદન ભેદન કરી નાંખવાને પૂરતો હતો. જુલમી ઝનુની લૂટારાઓ અને બીહામણા બા-

રવટીઆઓ દિવસ અને રાત આપણને ભયમાં રાખતા. ખેડુતો પોતાનો ખેતીનો ઉદ્યોગ નિર્ભયતાથી કરી શકતા નહીં. નિર્દય, ઘાતકી, હત્યારા અને ઠગારા લૂટારા ખેડુતોનાં બીયાં સુદ્ધાંત લઇ લેતા. વહેપારી લોકોથી એક ગામથી બીજે ગામ સહેલથી જઇ શકાતું નહિ. કારીગર લોકોને પણ અતિશય ત્રાસ હતો. લોકો પોતાનાં જાનમાલનું રક્ષણ કરવાને માટે સદા ચિન્તાતુર રહેતા. રાત્રિની ગાઢ નિદ્રામાંથી જુલમી લૂટારાઓના ભયંકર ત્રાસ અને વિકાળ કૃત્યનો ભય ખાઇ, લોકો ઝબકી ઉઠતાં, જાગી ઉઠતાં. તરફડીઆ મારતાં. ભય અને વેદનાથી તેમનાં હૃદય ચીરાઇ જતાં. નિર્દોષ અબળાઓ અને કુમળાં બાળકો અભાગીઆ પુરૂષોની નજર સમક્ષ રહેંસાઇ જતાં. જે સ્થળોએ થોડાંજ સમય પહેલાં આનંદના [illegible] થયાં હતાં. નિર્દોષ સુકુમાર ભૂલકાંઓ (બાળકો) અને સુન્દર મનમોહન મોહનાઓ પતિની ગોદમાં સુખકર શય્યા ઉપર સજીત થયેલાં હતાં. તેજ સ્થળે તેજ શય્યા ઉપર અને તેજ ભૂલકાં (બાળકો) તથા તેજ યુવાંગનાંઓનાં લોહીની છલકાતી નદી, કુમળા, કોમળ, કુણા, અને કમળ સરખાં મુખવાળા ગુલાબપુષ્પો (બાળકો) ને કરમાઇ ગયેલાં જોઇ, નિર્દયતા હિન્દનેજ માટે સરજાએલી હોવી જોઇએ. એમ હિન્દભાગી ઉગરેલાં માનવા લાગ્યાં કોમળ કુમારિની કારમી ચીચીઆરીઓ, અભાગી અબળાઓનું હૈયાંફાટ રૂદન અને સ્વર્ગને બદલે સ્મશાન એ આપણને શું ઓછું દુઃખકર હતું ? જે બાળકો થોડીજવાર પહેલાં કાલુંઘેલું બોલી માતાને કંઠે વળગી પડતાં. પતિ પુત્રને

નીકાળી, પતિ-સામુ દમ્પત્ય, કાચાકરતી ગોળ-કોઠાકો અને પત્નિઓ ચખમાં રોળાઇ ગયાં. ભૂમિમાં ભેદાઇ ગયાં. સુન્દર મનહર મૂખડાંઓ છેદન, ભેદન અને મર્દિત થઇ ગયાં, એ હિન્દની શું ઓછી દુર્દશા હતી ? મુસલમાન બાદશાહોની હિન્દ ઉપર સ્વારીઓ કેટલાક જુલમી અને ધર્માંધ રાજાઓનાં આપ વડાઇનાં બુરાં કૃત્ય. પિંઢારા, ઠગ, લૂટારા અને બહારવટીઆઓનો ભયંકર ત્રાસ [illegible] દુઃખદમય નીવડવાને પૂરતાં સામર્થ્યવાન હતાં.

દ્રષ્ટાંત તરીકે.

સોમનાથ ઉપર મહમદ ગીઝનીની સ્વારી.

ઇ. સ. ૧૦૨૪ માં મહમદ ગીઝનીએ કાઠિઆવાડમાં આવેલા પ્રભાસપાટણ પાસે સોમનાથ ઉપર સ્વારી કરી, ઘણાં માણસોનો સંહાર કરી, મહમદ સોમનાથનાં શિવાલયમાં પેઠો, મહમદે મૂર્ત્તિ ભાંગવા માંડી, ત્યારે બ્રાહ્મણોએ તેને ઘણાં કાલાવાલા કરી કહ્યું કે "તમે મૂર્ત્તિ ન ભાંગો તો તેના બદલામાં અમે તમને પાંચ કરોડ રૂપીઆ જેટલું ધન આપીએ." ત્યારે મહમદે ઉત્તર આપ્યું કે

(ભરતખંડનો અસલ ઇતિહાસ)

"હું મૂર્ત્તિઓનો વેચનાર નથી. હું તો મૂર્ત્તિનું ખંડન કરનાર મહમદ છું."

એમ કહી તેણે તે મોટી મૂર્ત્તિ ઉપર પોતાની પાસેની બો-

ઢાની ડાંગ વડે જોરથી ઘા કર્યો અને તેના કકડે કકડા કરી નાખ્યા.

(હિન્દુસ્તાનના ઇતિહાસમાંથી સહેલી વાર્તાઓ.)

(ઇ, માર્સ્ડન. બી. એ. એફ. આર. જી. એસ, એમ. એ. એસ.)

મહમૂદ આશરે આઠ કરોડ રૂપીઆની દોલત લૂટી, ગીઝની ગયો.

(ભરતખંડનો સરલ ઇતિહાસ.)

નાદીરશાહની દિલ્લીમાં કતલ.

ઇ. સ. ૧૭૩૮ માં ઇરાનના બાદશાહ નાદીરશાહે હિન્દ ઉપર સ્વારી કરી. કરનાલ આગળ હિન્દી અને ઇરાની લશ્કરનો મુકાબલો થયો. તેમાં મોગલાઇ સૈન્ય હાર્યું અને બાદશાહ નિજામ અને સાદતખાં નાદીરશાહને શરણે થયાં. ઇ. સ. ૧૭૩૯ માં નાદીરશાહે દિલ્લી આવી, દિલ્લીની પ્રજાને દુઃખ નહીં દેવાનો પોતાના લશ્કરને હુકમ કર્યો. પણ બીજે દિવસે શહેરમાં નાદીરશાહ મરાયાની ખોટી બુમ પડી. જેથી શહેરનાં લોકો ઇરાનીઓ ઉપર તુટી પડયાં. ને તેમને મારી નાંખ્યા. તેથી નાદીરશાહે શહેરમાં કતલ ચલાવવાની આજ્ઞા કરી. અને ફકત થોડાજ વખતમાં ત્રીશહજાર માણસોનો ઘાણ કાઢયો. નાદીરશાહ સુમારે વીશથી ત્રીશ કરોડ સુધીની દોલત મયુરાસન અને કિમ્મતી હીરો કોહીનુર લઇ, પાછો ઇરાન ગયો.

" હિન્દની પ્રજા ! ત્હારા આગળનાં અથાગ દુઃખનાં ઢગલાને યાદ કરી, તને દુઃખોમાંથી ઉગારનાર " માયાળુ અંગ્રેજ

અને દયાળુ પીતા નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જના અખંડ ઉજવળ અધિક સુપ્રતાપ અને દીર્ઘાયુષ માટે પરમ કૃપાળુ પ્રભુ પાસે અહોનિશ દીનતાથી નમ્ર પ્રાર્થના કર. ”

આપણને (હિન્દની પ્રજાને આપણાં દાદાઓને) દુઃખ દેનાર દુઃખ કરનાર જુલમગારો કયાં ? અને કયાં ? આપણાં દયાળુ માયાળુ, પરોપકારી, ભલા, શાણા, સુવિચારશીલ, ઉદ્યોગી, આગ્રહી, ખંતીલા, હોંશીલા, દ્રઢ મનના, ધૈર્યવાન, બુદ્ધિશાળી, વિનયી અંગ્રેજો દૃષ્ટાંત તરીકે,--

તા. ૩૧ મી જાન્યુવારી ઇ. સ. ૧૮૮૨ ને દિવસે સવારે દશવાગે લંડન શહેરમાં એક જગાએ આગ લાગી હતી. આગ જોત જોતામાં આસપાસનાં ઘરોમાં ફેલાઇ ગઇ. જે ઘરોમાં આગ ફેલાણી હતી. તેમાંથી ત્રણ માણસો ઘરની બહાર નીકળી શકયા નહોતાં. ઘરોનાં દાદર સળગતા હતા. તેથી તેઓ બારીવાટે કુદવાનો વિચાર કરવા લાગ્યા. પણ તેમ કરવાથી પડી મરે તેમ હતું. આગ જોવાને એકઠાં થયેલાં માણસોમાંથી એક બુટ સાફ કરનાર છોકરો આશરે ૧૨-૧૩ વર્ષની ઉમ્મરનો હતો. તેનું નામ “ ચારલી વાઇટ ” હતું. આગવાળી જગાની નજીક એક ટેલીગ્રાફનો થાંભલો ભોંયમાં દાટેલો હતો. તે થાંભલો આગવાળી જગ્યાથી એવે સ્થળે હતો કે જો તેનો તાર વિનાનો છાપરામાં હુક મારીને ભરાવેલો બીજો છેડો કોઇ છુટો કરી શકે, તો તે છેડો બારીના મધ્ય ભાગે લટકતો થાય, અને તે છેડો ઝાલીને પોતાને

કે તારને જરાપણ નુકસાન ન થતાં, તે સહીસલામત નીચે ઉતરી શકે. ચારલી વાઈટે દયાળુ પરોપકારી વૃત્તિથી પોતાના જીવનાં જોખમે અતિશય કષ્ટ સહી, બહાદુરીથી અને હિમ્મતથી તે છેડો છુટો કર્યો. લટકતા થયેલા છેડાની મદદથી બળતાં ઘરમાંથી ત્રણે માણસો બહાર રસ્તા ઉપર ઉતરી આવ્યા. અને તેમના જીવ બચ્યા.

" પ્રિય વાંચનાર ! ફક્ત એક બુટ સાફ કરનાર નાનો અંગ્રેજ છોકરો આટલો બધો દયાળુ છે. તો પછી બીજા વિદ્વાન અને મહાન અંગ્રેજોમાં કેટલી વધારે દયા હશે, તેનો ખ્યાલ કરવાની હું તમનેજ પ્રાર્થના કરૂં છું

પ્રકરણ ૩ જું.

આજની આપણી સુખદ સ્થીતિ.

આજે આપણે માયાળુ બ્રિટીશ સરકારનાં રાજ્યથી સમ્પુર્ણ સુખદ અવસ્થામાં છીએ. માયાળુ બ્રિટન (ભલા અંગ્રેજ) અને શાણા બ્રિટીશ સરકારે તથા દયાળુ પીતા (નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ--ગૉડ ઑફ ઇન્ડિયા) એ આપણને સર્વદા સમ્પુર્ણ સુખી કરવાને અસહ્ય શ્રમ સહ્યો છે. સહે છે અને સહેશે. શરૂઆતમાં આપણને જુલમગારોના ઝનુની અને વિકાળ પંજા-

માંથી બચાવી રક્ષણ કર્યું. શરણુ આપ્યું ત્યારબાદ આપણુને સુખી કરવા માટેજ. સર્વદા સમ્પુર્ણ સુખી જોવા માટેજ આપણાં કુરીવાજો છોડાવ્યાં પછી આપણુને સુશિક્ષણ આપવા. માટે અને કેળવાયેલાં તથા બાહોશ જોવા માટે શાળાઓ સ્થાપી ત્યાર પછી આપણા શરીરની આરોગ્યતા માટે વૈદક ખાતું શિતળા ખાતું વિગેરેની યોજનાઓ ઘડી, તેને માટે અથાગ શ્રમ સહ્યો.

દ્રષ્ટાંત તરીકે.—

નામદાર લોર્ડ રીપને લોકલ ફન્ડ અને મ્યુનિસિપાલીટી (શહેર સુધરાઇ ખાતું) નો વહીવટ દેશી લોક તરફથી નીમાએલા પ્રતિનિધીઓની મારફત ચાલે, એવો “ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ” ચલાવવાનો ધારો તા. ૧૮ મી મે ઇ. સ. ૧૮૮૪ ને રોજ કર્યો. એ ધારા પ્રમાણે હજુ વહીવટ ચાલે છે.

નામદાર વાઇસરોય લોર્ડ ડફરીનના માયાળુ ભલા પત્ની લેડી ડફરીનની મદદથી હિન્દની સ્ત્રીઓની સુખાકારી જાળવવા માટે ઇંગ્લંડથી સ્ત્રી દાકતરો બોલાવી, આ કામને માટે હિન્દ અને ઇંગ્લંડ એ બન્ને દેશોમાંથી ઘણા પૈસા એકઠા કરી, એક ફન્ડ ઉભું કરવામાં આવ્યું તેને,—“ લેડી ડફરીન ફન્ડ ” કહે છે.

ભલા, માયાળુ અને દયાળુ પીતાઓએ આપણાં સુખને માટે અથાગ શ્રમ સહેવામાં જરાપણ ન્યુનતા રાખી નથી.

“ ભલા અંગ્રેજ અને દયાળુ પોતા (નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ.) ”

ઘણુ જીવો, ઘણુ જીવો, ઘણુ જીવો.

ત્યારબાદ નહેરો, સડકો, રેલવે પોસ્ટખાતું, ટેલેગ્રાફ ખાતું ઇત્યાદિક, આપણાં સુખનાં સર્વોત્તમ શ્રેષ્ટ સાધનો નામદાર બ્રિટીશ સરકાર તરફથી કરવામાં આવ્યાં. જે મુસાફરી ઘણાં ખર્ચે ઘણી મુશીબતે વધારે દિવસમાં થતી. તેજ મુસાફરી આપણે ઘણાંજ ઓછા ખર્ચથી ઘણીજ સહેલાઇથી અને ઘણાંજ ટુંક મુદતમાં અતિશય આનંદથી કરી શકીએ છીએ. જે બીનાથી સર્વ કોઇ માહીતગાર છે. તેજ મુજબ પોસ્ટ (ટપાલ) ખાતું આપણને કેટલા સુખ અને સગવડ ભર્યું છે, તેના માટે યાદ લાવો. આગળના જમાનામાં બહારગામ કોઇને પત્ર મોકલવો હોય, ત્યારે ખેપીઆ (કાસદ) ની મારફત મોકલવો પડતા. જેમાં ખર્ચ અને વખત વધારે જતાં. તેજ પત્ર ઘણાંજ દુરનાં વિભાગમાં (આખા હિન્દુસ્તાનમાં) ફકત એક પૈસો (પા આનો) ખરચવાથી ઓછા વખતમાં જઇ શકે છે. તે સિવાય યુરોપ, આફ્રિકા, ચીન, જાપાન અને અમેરીકા ઇત્યાદિક દુરનાં દેશોમાં પણ ઓછે ખર્ચે સહેલાઇથી ટુંક મુદતમાં કાગળો, મનીઓર્ડરો, પારસલો, રજીષ્ટરો બુકપેકેટો વિગેરે પોસ્ટખાતાને લગતી તમામ ચીજો જઇ આવી શકે છે. ટેલેગ્રાફખાતામાં ફકત જુજ સમયમાં ઘણે દુર સમાચાર પહોંચી શકે છે. દરેક ખાતાઓ અતિશય બાહોશ અને અનુભવી કારભારીઓને એવી સફાઇ અને સરલતાથી સોંપવામાં આવે છે કે સર્વ ખાતાઓ બહુજ નિયમીતપણે અતિશય સફાઇ અને સરલતાથી ડહાપણ પૂર્વક દરેક પ્રશંગે દરેક બાબતોમાં દરેક રીતે આપણાં લાભ અને હિત્ જળવાય, તેવી રીતે ચલાવવામાં આવે છે.

માયાળુ અંગ્રેજોએ, ભલા, શાણા, બાહોશ, મળતાવડા, દીર્ઘ-દષ્ટીવાળા, સુવિચારશીલ, દયાળુ, અને ઉદાર મનના અંગ્રેજ અ-મલદારોએ અને દયાસિન્ધુ દયાળુ પીતા નામદાર બ્રિટીશ સરકારે આપણુને સર્વદા સમ્પુર્ણ સર્વોત્તમ સુખ આપવા માટે ઉત્તમો-ત્તમ અધિક સાધનો યોજેલાં છે. યોજે છે અને યોજશે.

બ્રિટીશ રાજ્યની દયા, ન્યાય, સુખ ભોગવવાં પરમકૃપાળુ પરમાત્માએ આપણુને ભાગ્યશાળી બનાવ્યાં છે, એજ આપણું સુખનો સર્વોત્તમ સૂર્ય છે.

" નામદાર શાહેનશાહ પાંચમા જ્યોર્જ અખંડ ઉજવળ અમર રહો. "

પ્રકરણ ૪ થું.

પ્રાસંગિક વૃન્તાત અને યશોગાન.

નામદાર બ્રિટીશ સરકારના દયાળુ દીલસોજી ભર્યા શાણપણ અને ઉત્સાહથી હિન્દનાં હિતમાં સંયુક્ત પ્રયાસોમાં "ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ, આ ઇલાકામાં સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાઇટી (હિન્દ સેવક મંડળ) બોમ્બે પ્રેસીડન્સિ એસોસિએશન, મું-બાઇની સોશિયલ સર્વિસ લીગ, સેવાસદન, ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ, અનાથાશ્રમો, અને વનિતા વિશ્રામ જેવી અને સંસ્થાઓ વખાણવા લાયક કરે છે.

નામદાર દીલસોજ માયાળુ બ્રિટીશ સરકાર આપણુ (હિન્દ) ને અકસ્માત, આફત અને આપત્તિ સમયે સર્વોત્તમ સહાયતા આપે છે. પાલીતાણા, મહી અને નર્મદાની તથા બંગાળાની દામોદર રેલનો ભયંકર ત્રાસ, દયાળુ બ્રિટીશ સરકારની દીલસોજ દયાળુ લાગણી અને ઉદાર મદદથીજ આપણે વિસરવા પામ્યાં છીએ.

નામદાર બ્રિટીશ સરકારનાં અનેક ઉજ્વળ, શુભ, સારા કામો કાનપુર મસ્જીદના ઝઘડામાં નામદાર દીલસોજ દયાળુ વાઇસરોયની સદવૃત્તિ મહેરબાન માનવંતા ઑ. પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની કારોબારી કાઉન્સલમાં તથા મહેરબાન માનવંતા સૈયદ સમશુદીન મિંયા કાદરીની કલેકટર તરીકે થયેલી નિમણુકો આપણાં ઉપરની અનહદ, અધિક ઉદારવૃત્તિનાં જુજ દ્રષ્ટાંતો છે.

ભલા હિન્દની ભલી પ્રજાને નામદાર દીલસોજ દયાળુ વાઇસરોયની દિલ્હીની જાહેર પધરામણી વખતે તેમનાપર ફેંકાયલા બોમ્બની આપત્તિમાંથી તેઓ માન્યવર બચી ગયા, તે સમ્બધમાં આપણાં દેશ (હિન્દ) માં તેમના જન્મ દિવસ ગઇ તા. ૨૦ મી જુને પુરી ધામધુમ સાથે ઉજવાયલા ચિલ્ડ્રન્સ ડે (બાળકોનો તેહવાર) ને પ્રસંગે, જે ઉછરંગ, ઉમંગ, વફાદારી અને સદભાવની પૂજ્ય ભાવના પ્રદર્શિત કરી, અને બોમ્બ ફેંકવાના દુષ્કાર્ય પ્રત્યે જે સખ્ત નાપસંદગી તથા તિરસ્કાર, અને એવા નીચાં કૃત્ય કરનારાઓ પ્રત્યે ફીટકાર અને ધિકકાર બતાવ્યાં હતાં. તેને માટે અને તેવી સદભાવનાઓની સમ્પુર્ણ ભક્તિ માટે ધન્યવાદ ઘટે છે.

નામદાર દીલસોજ દયાળુ બ્રિટીશ સરકારની દીલસોજી ઉ-

ત્સાહ અને કદર કરવાની સુવિચાર યુક્ત શાણી પ્રૌઢ શક્તિના પ્રભાવે હિન્દનાં હિતને માટે, દુઃખીનાં દુઃખોને માટે અને લાચારોના રક્ષણને માટે, અનેક ભાગ્યવંત ભલા વિરેન્દ્ર વીરનરો, મહાન પુરૂષો, પૂર્ણ પૂન્યનાં ખીલેલા પૂર્ણચંદ્રો, અખંડ, ઉજ્વળ અને અમરપદ ધારણ કરનારા સુભાગી સૂર્યો, સર ચિનુભાઇ માધવલાલ, તાતા, માન્યવર દાદા, દાદાભાઇ નવરોજી, ડૉકટર રાસવિહારી ઘોસ, એ, એ, ડી, એલ, સી. આઇ, ઇ. પાલિત, ગોખલે, બેનરજી, સર જગમોહનદાસ વરજીવનદાસ નાઇટ, સર વસનજી ત્રીકમજી જે. પી. મહેરબાન માનવંતા દયાસિંધુ પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ, ધર્મના ઉજ્વળ સ્તંભ દાનવીર નરરત્ન શેઠ નથુભાઇ કૃપારામ જુનાગઢવાળા, દયાસાગર ધર્મ ધ્વજનાં સમ્પુર્ણ શીરોમણી પૂન્યનાં ખીલેલા પૂર્ણચંદ્ર શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી, " શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફન્ડ " નાં ઑનરરી વ્યવસ્થાપક. ઇત્યાદિક ખંત સુવિચારશીલ શાણપણ અને અનહદ દયા તથા પ્રૌઢતાથી તન, મન અને ધનથી અથાગ શ્રમ લીએ છે.

દયાસિન્ધુ, પરમ પૂનિત્ શેઠશ્રી લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરીની અનહદ દયા અને તન, મન અને ધનના અતિશય ભોગથી ' શ્રી જીવ દયા જ્ઞાન પ્રસારક ફન્ડ " નામની નામીચી સંસ્થાએ અસંખ્ય જીવો બચાવ્યાં છે. બચાવે છે અને બચાવશે. અનેક જીવોને શરણ રક્ષણ આપી પાળ્યાં છે. પાળે છે અને પાળશે– ઉદ્ધાર કર્યો છે. ઉદ્ધાર કરે છે અને ઉદ્ધાર કરશે.

" હિન્દ ! સુભાગી હિન્દ ! ! અધિક પ્રતાપી ઉપરના દયા

વીર, દાનવીર નરરત્નોને માટે મગરૂર થા, આનંદની ઉર્મિથી ઉભરાઈજા—છલકાઇજા—રેલાઇજા. ”

“ હિન્દના નરરત્નો, ભલા અંગ્રેજ (માયાળુ બ્રિટન) માયાળુ, સુવિચારશીલ, શાણા, ભલા, દયાળુ અને દીલસોજ બ્રિટીશ રાજ્યના કારભારીઓ અને નામદાર દયાસિન્ધુ શહેનશાહ પાંચમા જયોર્જ (દયાળુ પીતા)

અખંડ ઉજવળ અમર રહો.

“ શ્રી જગરક્ષક જગનિયંતા વિશ્વવ્યાપક પાળક પ્રભુ ! મ્હારા અજ્ઞાનનાં યશોગાન ઉપર અધિક વ્હાલ આણી, નામદાર દયાસિન્ધુ શહેનશાહ પાંચમા જયોર્જ (દયાળુ પીતા) ને અખંડ, ઉજવળ, સર્વદા સમ્પુર્ણ સુખી અને દીર્ઘાયુષી કરો. ”

રાગ કલ્યાણ.

શ્રી રાજન જયોર્જને, પ્રિય પ્રભુ તમે;
મંગલકારી, મૂગટધારી, રાખજો સદા સમે.
હિન્દનાં હિતની ચિત્તમાં ઉર્મિ, રાખો છો રક્ષણહાર.
અમ સુભાગ્યનાં ઉંડા બીજને, ઉગાડયાં તારણહાર. શ્રી રાજન.
પૂરણ પ્રેમથી પ્રીત આણીને, પાળ્યાંછે પરમેશ;
અતિ આનંદકારી, સદાસુખકારી, ઉજવળ અમર હમેશ. શ્રી રાજન.
અમ ઉદયને કારણે પીતા, અતિ શ્રમ સહ્યા તન, મન ધન;
મંગલ મૂર્તિ, સૌમ્ય સૂર્તિ, ધન્ય ધન્ય જયોર્જ રાજન. શ્રી રાજન.
અતિ માયાળુ, અધિક દયાળુ, અખંડ ઉજવળ ઉદાર.
ગીરધરની પ્રભુ પ્રાર્થના, જય જય રાજન જયોર્જ રક્ષણહાર. શ્રી રાજન.

અગાઉથી ગ્રાહક થઇ, આશ્રય આપનાર માનવંતા સદ ગ્રહસ્થોનાં મુબારક નામ.

——(૦)——

નકલ. **નામ.**

૫૦ મહેરબાન માનવંતા દયાસિન્ધુ પૂન્યનાં ખીલેલા પૂર્ણચંદ્ર શેઠ શ્રી લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી " શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફન્ડ " નાં ઑનરરી વ્યવસ્થાપક મુંબઇ.

૫૦ મહેરબાન માનવંતા દાનવીર નરરત્ન શેઠશ્રી નથુભાઇ કૃપારામ જુનાગઢવાળા. મુંબઇ.

૨૫ મહેરબાન માનવંતા દયાસાગર નરરત્ન શેઠશ્રી છગનલાલ વિ. પરમાનંદદાસ નાણાવટી " શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફન્ડ " નાં આસીસ્ટંટ મેનેજર મુંબાઇ.

૨૫ મહેરબાન માનવંતા શેઠશ્રી જેસીંગભાઇ મગનલાલની કું. મુંબઇ

૨૫ મહેરબાન માન્યવર રા. રા. ઉમાશંકર દુર્ગાશંકર દીવાન જુનાગઢવાળા મુંબઇ

૨૫ મહેરબાન માનવંતા શેઠશ્રી ભુલાભાઇ હીરાચંદ પંચાળ ઠે. માંડવીની પોળમાં લાલાભાઇની પોળ—અમદાવાદ.

૩ મહેરબાન માનવંતા દયાસિન્ધુ ગાંધી સાહેબ અમદાવાદ મ્યુનિસિપાલીટીના ચીફ ઇન્જીનીયર સાહેબ અમદાવાદ.

૧ મીસ્ત્રી છોટાલાલ હીરાચંદ ફાયરપ્રૂફ તીજોરી બનાવનાર તથા વેચનાર પાનકોર નાકા—અમદાવાદ.

૧ સોની તળશીદાસ વંદ્રાવનદાસ ધોળકાવાળા ચાંદીની પોંચીઓ બનાવનાર મામુનાયકની પોળ—અમદાવાદ.

૧ ઠક્કર લક્ષ્મીદાસભાઇ ભીમજીભાઇ—અમદાવાદ.

૧ સોની મગનલાલભાઇ મોનજીભાઇ—અમદાવાદ.

૧ શેઠજી સાહેબ હસનભાઇ અલીભાઇ—અમદાવાદ.

૧ શેઠજી સાહેબ સબાઉદ્દીન નજરઅલી—અમદાવાદ.

૧ શેઠશ્રી નરભેરામ જાદવજી (જસદણ નિવાસી) અમદાવાદ.

——(૦)——

ધી વીક્ટોરીઆ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ચીમનલાલ છગનલાલે છાપ્યું.